નં.ડીએમ/ ગ્રા.પ.ચૂંટણી/૦૫/૨૦૨૧
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર, તા.૨૯ /૧૧/૨૦૨૧

**સંદર્ભ :–**

(૧) આ કચેરીના આદેશ નં.મેજી/૪૨૬ તા.૧૧/૧૨/૭૦
(૨) આ કચેરીના આદેશ નં.મકજ/૪૨૫/એ તા.૩૦/૦૧/૭૧
(૩) આ કચેરીના આદેશ નં.પ્રકજ/૭૩/૧ તા.૨૮/૬/૭૩

**આદેશ :–**

આ કચેરીના સંદર્ભ ૧ થી ૩ માં દર્શાવેલ હુકમોથી સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ ઈન્સ્પેકટરશ્રી અને પોલીસ સબ ઈન્સપેકટરશ્રીને આપવામાં આવેલ છે. આગામી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર /પેટા ચૂંટણી–૨૦૨૧ દરમ્યાન ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં **સરઘસ કાઢવા, સભા ભરવાની પરવાનગી આપવાના અધિકારો** જાહેરનામાંની તારીખથી શરૂ કરી ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૨૪/૧૨/૨૦૨૧સુધી) સભા સરઘસ નિયમોના નિયમ ૧ અને ૮ હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

| ક્રમ | વિસ્તાર | અધિકારો આપેલ અધિકારીનો હોદો |
|---|---|---|
| (૧) | જિલ્લાના ગ્રામ પંચાયતો ચૂંટણી હોય તેવા વિસ્તારો માટે | સંબંધિત મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી. |

સભા, સરઘસની પરવાનગી સરકારશ્રીના ગૃહ વિભાગની તથા રાજયના ચૂંટણી આયોગની વખતો–વખતની સૂચના, આદેશ તેમજ કોવીડ–૧૯ અન્વયેની માર્ગદર્શિકા/સુચના/આદેશો અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ પરવાનગીની નકલ અત્રેને તથા ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને તુરંત મોકલવાની રહેશે.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ડો.સૌરભ પારઘી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,

(૧) મામલતદારશ્રી,
જામનગર (શહેર/ગ્રામ્ય)/જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

<u>નકલ રવાનાઃ–</u>

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત લાઉડ સ્પીકરવાળા વાહનો દવારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા સારું.

૨. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય),ધ્રોલ,લાલપુર, જોડીયા, જામજોધપુર.

૩. નાયબ પોલીસ અધિક્ષકશ્રી,જામનગર શહેર/ ગ્રામ્ય.

૪. મામલતદારશ્રી,
જામનગર (શહેર/ગ્રામ્ય),જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

........... આપશ્રીની કક્ષાએથી સંબધિત ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીને જાણ કરવા સારૂ.

૫. તાલુકા વિકાસ અધિકારીશ્રી,
જામનગર, જોડીયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર,જામજોધપુર.

૬. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

ઉકત આદેશ એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવી તેની પાંચ નકલો અત્રેને મોકલાવી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી,જામનગર

સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. આ કચેરીની રાજય ચૂંટણી શાખા

૯. માન્ય રાજકીય પક્ષો (રાજય ચૂંટણી આયોગ શાખા મારફત)

નકલ સવિનય રવાના :–

(૧) સચિવશ્રી,
રાજય ચૂંટણી આયોગ, ગુજરાત રાજય,
સચિવાલય,ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય,
ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,
જામનગર.